દાખલ તારીખ : ૦૭/૦૪/૨૨
રજી.કર્યા તારીખ : ૦૭/૦૪/૨૨
નિકાલ તારીખ :૨૪/૦૪/૨૩
**સમય : વર્ષ –માસ–દિવસ**

---

**ગોધરાની શ્રમ અદાલતના પ્રમુખ અધિકારીશ્રી એચ.એ.મકા સાહેબ સમક્ષ.મું.ગોધરા**

---

**રીવ્યુ અરજી નંબર–૦૨/૨૦૨૨**
**ઈન રીકવરી(સી–૨) અરજીનં.૦૪/૨૦૦૬**
**આંક–૬**

**અરજદાર : –** સ્વ.પટેલ રાવજીભાઈ દ્વારકાદાસના પત્ની
કપીલાબેન આર. પટેલ
મુ.પો.તા.કાલોલ,જી.પંચમહાલ.
C/O ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન
કાલોલ,જી.પંચમહાલ.

**– :: વિરુધ્ધ :: –**

**સામાવાળા : –**(૧) ચીફ ઓફીસરશ્રી,
નગર પાલીકા(બરો)કાલોલ,જી.પંચમહાલ.

(૨) સેક્રેટરીશ્રી,
અર્બન ડેવલપમેન્ટ એન્ડ અર્બન હાઉસીંગ
ડીપાર્ટમેન્ટ,નવમો માળ,બ્લોકનં.૧૪,
સચિવાલય,ગાંધીનગર.

(૩) હિસાબી અધિકારીશ્રી,
પેન્શન અને પ્રોવીડન્ડ ફંડશ્રીની કચેરી,
વિમા અને લેખા ભવન,ડો.જીવરાજ મહેતા–
ભવન સંકુલ, જુના સચિવાલય,સેકટર–૧૦/બી,
ગાંધીનગર–૧૦

**પ્રતિનિધિત્વ :–**

અરજદાર તરફે :– વિધ્વાન પ્રતિનિધિશ્રી એ.એસ.ભોઈ
સામાવાળાઓ તરફે :– કોઈ હાજર નથી.

---

**વિષય : – ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ ગુજરાત રૂલ્સના નિયમ–૩૧ મુજબ એવોર્ડમાં સુધારો કરવા બાબત**

---

**–:: હુ ક મ ::–**

(૧) આ કામે અરજદાર તરફે આંક–૧ ની અરજીમાં જણાવ્યા મુજબ અરજદારના સ્વ. પતિ આ કામના સામાવાળાનં.૧ ની સંસ્થામાં ફરજ બજાવતા હતા અને તે ફરજના અરસા દરમ્યાન તા.૩૧/૦૫/૨૦૦૨ ના રોજ નિવૃત થયેલ અને અરજદારે તેઓના નિવૃતી બાદ પેન્શન મેળવવા રીકવરી અરજીનં.૪/૨૦૦૬ દાખલ કરેલ જેમા નામદાર અદાલતે આંક–૨૩ થી અરજદારના લાભમાં હુકમ કરેલ જે હુકમના પાનાનં.૧૩ ના હુકમના પેરાનં.૧ માં શરતચુકથી નિવૃતી તા.૩૧/૦૫/૨૦૦૬ લખાયેલ છે જે હકીકતે તા.૩૧/૦૫/૨૦૦૨ છે જે થયેલ ક્ષતી સુધારવા હાલની અરજી કરેલ છે. વધુમાં જણાવેલ છે કે અરજદારની જણાવેલ તારીખમાં સુધારો કરવામાં ન આવે તો ઘણુ મોટુ આર્થિક નુકશાન થાય તેમ છે જેથી હુકમના પાનાનં.૧૩ ના હુકમના પેરાનં.૧ માં શરતચુકથી નિવૃતી તા.૩૧/૦૫/૨૦૦૬ લખાયેલ છે જે હકીકતે તા.૩૧/૦૫/૨૦૦૨ મુજબનો સુધારો કરવા અરજ કરેલ છે.

અરજી સાથે રીકવરી અરજીનં.૪/૨૦૦૬ ના કામે થયેલ હુકમની નકલ રજુ કરેલ છે.

(૨) સદરહુ અરજી સંદર્ભે આ કામના સામાવાળાઓને નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ છે પરંતુ આ કામના સામાવાળાઓ તરફે કોઈ હાજર રહેલ ન હોઈ અરજદારની આંક–૫ ની અરજી હેઠળ હુકમ કરી સામાવાળાઓનો જવાબ રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૩) અરજદાર તરફે વિધ્વાન પ્રતિનિધિશ્રી એ.એસ.ભોઈ ધ્વારા મૌખિક દલીલો કરવામાં આવેલ છે જે મુજબ નિયમ–૩૧ મુજબ શરતચુકની અને ટાઈપ મીસ્ટેક કે કલ્રીકલ મીસ્ટેક હોય તો સુધારો થવા પાત્ર છે તેમજ નામદાર અદાલતે આંક–૨૩ થી અરજદારના લાભમાં હુકમ કરેલ જે હુકમના પાનાનં.૧૩ ના હુકમના પેરાનં.૧ માં શરતચુકથી નિવૃતી તા.૩૧/૦૫/૨૦૦૬ લખાયેલ છે જે હકીકતે તા.૩૧/૦૫/૨૦૦૨ છે જે થયેલ ક્ષતી સુધારો કરી આપવા દલીલ કરેલ છે.

(૪) ઉપરોકત અરજી તથા રજુ થયેલ હુકમની નકલ તથા અરજદાર તરફે દલીલો તથા કેસનુ રેકર્ડ ઘ્યાને લેતા મુળ રીકવરી(સી–ર) અરજીનં.૪/ર૦૦૬ માં આંક–ર૩ જે હુકમ પસાર કરવામાં આવેલ છે જેમા પાનાનં.૧૩ ના આખરી હુકમના પેરાનં.૧ માં ''અરજદારની અરજી અંશત:મંજુર કરવામાં આવે છે. આ કામના અરજદારના સ્વ.પતિ નિવૃત થયા તા.૩૧/૦૫/ર૦૦૬ થી તેઓના અવસાન થયા સુધી લાગુ પડતા નિયમો મુજબ અરજદારના સ્વ.પતિના પેન્શનના નાણા સામાવાળાનં.૧ પાસેથી બાકી લેણા નીકળે છે તેમ ઠરાવવામાં આવે છે'' પરંતુ અરજદારના સ્વ. પતિની નિવૃતીની તા.૩૧/૦૫/ર૦૦ર છે પરંતુ આ કામે રજુ થયેલ મુળ રીકવરી અરજીમાં નિવૃતીની તા.૩૧/૦૫/ર૦૦ર જણાવેલ છે તેમજ અરજદાર ઘ્વારા પોતાના સરતપાસના સોગંદનામામાં પણ નિવૃતીની તા.૩૧/૦૫/ર૦૦ર જણાવેલ છે તેમજ અદાલત ઘ્વારા જાહેર કરવામાં આવેલ હુકમમાં પણ દરેક જગ્યાએ તા.૩૧/૦૫/ર૦૦ર ના રોજ નિવૃત કરવામાં આવેલ હોવાનુ જણાવેલ છે તે સંજોગોમાં આખરી હુકમમાં પણ નિવૃતીની તા.૩૧/૦૫/ર૦૦ર જણાવવાની જગ્યાએ શરત ચુકથી અથવા તો ટાઈપીંગ મીસ્ટેકના કારણે તા.૩૧/૦૫/ર૦૦૬ લખાઈ ગયેલ હોવાનુ પ્રથમ દર્શનીય રીતે જણાય છે. અરજદાર ઘ્વારા હાલની અરજી ઈન્ડસ્ટ્રીય ડીસ્પ્યુટ ગુજરાત રૂલ્સ–૧૯૬૬ ના નિયમ–૩૧ ની જોગવાઈ મુજબ કરેલ છે જે જોગવાઈ ઘ્યાને લેતા,

**નિયમ–૩૧ :–** ભુલો સુધારવા બાબત : કોઈ બોર્ડ, કોર્ટ, મજુર કોર્ટ, ટ્રિબ્યુનલ અથવા લવાદ, કોઈપણ સમયે પોતાની મેળે અથવા પક્ષકારો પૈકી કોઈ પક્ષકારની અરજી પરથી કોઈ કાર્યવાહી, રિપોર્ટ, ચુકાદા અથવા નિર્ણયમાંની આકસ્મિક ભુલ કે ચુકમાંથી ઉપસ્થિત થતી કોઈ કારકુની ભુલ કે ગલતી સુધારી શકશે.

આમ, ઉપરોકત જોગવાઈ ઘ્યાને લેતા અદાલતને હુકમમાં થયેલ આકસ્મીક ભુલ સુધારવાની સત્તા મળેલ છે અને હાલના કેસમાં પણ આવી ભુલના કારણે નિવૃતી તા.૩૧/૦૫/ર૦૦ર ની જગ્યાએ તા.૩૧/૦૫/ર૦૦૬ લખાઈ ગયેલ છે અને આવી જો ભુલ ન સુધારવામાં આવે તો ગુજરનારના વારસદારોને આર્થિક નુકશાન થવાની પુરેપુરી શકયતા છે તેમજ અદાલત ઘ્વારા આવી ભુલ થયેલ હોઈ તેના કારણે તેનો ભોગ કામદારને બનવા દઈ

શકાય નહી. જે તમામ સંજોગોમાં અરજદાર તરફેની હાલની અરજી મંજુર કરવા પાત્ર જણાતી હોઈ ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**//હુકમ //**

(૧) આ કામના અરજદારની હાલની રીવ્યુ અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામે અરજદારની અરજી મંજુર કરવામાં આવેલ હોઈ મુળ રીકવરી(સી–૨) અરજીનં.૪/૨૦૦૬ ના કામે આંક–૨૩ થી જાહેર કરવામાં આવેલ આખરી હુકમના પાનાનં.૧૩ ના હુકમના પેરાનં.૧ માં શરતચુકથી નિવૃતી તા.૩૧/૦૫/૨૦૦૬ લખાયેલ છે તેની જગ્યાએ ''નિવૃતી તા.૩૧/૦૫/૨૦૦૨'' તેવો સુધારો કરવાનો હુકમ કરવામાં આવે છે. સદરહુ સુધારાને મુળ હુકમ આંક–૨૩ નો ભાગ ગણવો.

(૩) વધુમાં આવી ભુલના કારણસર અરજદારને વધુ કોઈ તકલીફ કે અગવડતા ઉભી ન થાય તેવા એકમાત્ર હેતુસર મુળ રીકવરી(સી–૨) અરજીનં.૪/૨૦૦૬ ના કામે આંક–૨૩ થી જાહેર કરવામાં આવેલ આખરી હુકમના પાનાનં.૧૩ ના હુકમના પેરાનં.૧ માં શરતચુકથી નિવૃતી તા.૩૧/૦૫/૨૦૦૬ લખાયેલ છે તેની જગ્યાએ લાલ પેનથી નિવૃતીની **તા.૩૧/૦૫/૨૦૦૨** નો સુધારો કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**સ્થળ : ગોધરા**
**તા. ૨૪/૦૪/૨૦૨૩**

**(હીતેશકુમાર અમરભાઈ મકા)**
**પ્રમુખ અધિકારી**
**મજુર અદાલત,ગોધરા.**
**GJ01459**